ક્રમાંક:
જીઆઈડીસી /ઓએન્ડએમ /સીઆઈઆર /પ્રિ.વિતરણ /પોલીસી/ ૦૩
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તારીખ: ૦૬/૦૨/૨૦૨૬.

// પરિપત્ર //

વિષય :- નિગમના કર્મચારી / અધિકારીઓને રહેણાંક પ્લોટ ફાળવવાની નવી સંકલિત નીતિ બાબત.

સંદર્ભ :(૧) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/પીઓએલ/૬૫/ ૨૦૦૪/૨૩, તા.૨૮/૯/૨૦૦૪

(૨) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/પીઓએલ/૬૫/ ૨૦૦૪/૨૪, તા.૩૦/૯/૨૦૦૪,

(૩) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/પોલીસી/૬૫/ ૨૦૦૪/૧૮, તા.૨૨/૬/૨૦૦૭,

(૪) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૫/૦૮, તા.૧૮/૦૨/૨૦૧૦.

(૫) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪(૩)/૦૪, તા.૦૧/૦૨/૨૦૧૪.

(૬) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪(૩)/૦૯, તા.૧૧/૦૬/૨૦૧૪.

(૭) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪(૩)/૧૭, તા.૯/૧૨/૨૦૧૪.

(૮) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૯૭, તા.૧૦/૭/૨૦૧૭.

(૯) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૧, તા.૦૧/૦૧/૨૦૧૯.

(૧૦) નિગમની ૫૧૯ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક: ૯૭/હાઉસિંગ/૫૧૯ તા.૨૧.૧૨.૨૩

(૧૧) નિગમના નિયામક મંડળની તા.૨૭.૦૯.૨૦૨૪ ની સભામાં થયેલ ઠરાવ ક્રમાંક:૫૯/પ્રિ-વિતરણ/૫૨૦ તા.૨૭.૦૯.૨૦૨૪.

(૧૨) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૨૨, તા.૨૯/૧૦/૨૦૨૪.

નિગમના કર્મચારીઓ / અધિકારીઓને રહેણાંક પ્લોટ ફાળવવાની નીતિ બાબતે નિયામક મંડળની ૫૨૪ મી સભામાં રજૂ થયેલ કાર્યસૂચિ ક્રમાંક : ૬/પ્રિ.વિતરણ/૫૨૪ ના અનુસંધાને ઠરાવ ક્રમાંક : ૧૧૬/ પ્રિ.વિતરણ/૫૨૪, તા.૨૯/૧૨/૨૦૨૫ થયેલ છે, જે મુજબ ઉપરોક્ત સંદર્ભ-૧૨ માં દર્શાવેલ પરિપત્રમાં નીચેની બાબતો અમલમાં રહેશે.

1. હંસપુરા ખાતેના રહેણાંક પ્લોટ ધરાવતાં નિગમના પૂર્વ કર્મચારી / અધિકારીઓને જે-તે સમયે આધારદર અનુસાર ફાળવણી કરેલ હોઈ, હંસપુરાના ફાળવણીદારો પૂરતું તેઓના પ્લોટ અન્ય કોઈ પણ વધારાની રકમ વસુલ કર્યા સિવાય સંદર્ભ-૧૨ માં દર્શાવેલ પરિપત્રની અન્ય તમામ જોગવાઈઓને આધિન બદલી આપવાના રહેશે.

2. સંદર્ભ-૧૨ દર્શિત પરિપત્રમાં દર્શાવેલ જોગવાઈઓ અનુસાર નિગમના વર્તમાન કર્મચારી / અધિકારીઓને તેઓની ઓનલાઈન અરજીના આધારે રહેણાંક પ્લોટની ફાળવણી તે પરિપત્રમાં દર્શાવેલ કોષ્ઠકમાં ઉલ્લેખિત ફાળવણી કિંમતે જ કરવાની રહેશે. આધારદરની બાબત તેમાં લાગુ થશે નહી.

3. માર્ગ અને મકાન વિભાગના તા.૨૯-૦૩-૨૦૦૧ના ઠરાવ અનુસાર નિગમના સંદર્ભ -૧૨ દર્શિત પરિપત્રમાં ઉલ્લેખિત રૂ.૯૮૯૯/- સુધીનો મૂળ પગાર મેળવતા વર્ગ-૧ ના અધિકારીને ૧૩૫ ચો.મી. અથવા ૨૦૦ ચો.મી.માંગણી મુજબ તથા નાયબ સચિવની સમકક્ષ પગાર ધોરણ મેળવતા જનરલ મેનેજર અને અધિક્ષક ઇજનેર કક્ષાના અધિકારીને ૨૦૦ ચો.મી. અથવા ૨૫૦ ચો.મી. માંગણી મુજબ ફાળવી શકાશે.

ઉપરોક્ત શરતો સિવાયની અન્ય તમામ બાબતો સંદર્ભ-૧૨ ના પરિપત્રમાં દર્શાવ્યા મુજબની યથાવત લાગુ રહેશે. સદર નીતિ અંતર્ગત અર્થઘટન અંગેના પ્રસંગે સઘળી સત્તા ઉપા. અને વ.સં.શ્રીને હસ્તક રહેશે. સદર પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સહી/-

(પ્રવિણા ડી.કે.)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઈ.ડી.સી.,ગાંધીનગર

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રી.... તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાના:-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રી, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(3) જનરલ મેનેજરશ્રી-ગ્રેડ-૧ (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું,

જનરલ મેનેજર ગ્રેડ -૧ (મહેકમ)
જી.આઈ.ડી.સી.,ગાંધીનગર